## ધર્મ એટલે શું?

ધર્મની સાચી રીતે, સારી રીતે સમજી લેવાની જરૂર છે. કારણ કે ધર્મની બાબતમાં વધારેમાં વધારે ખોટી ધારણાઓ કે માન્યતાઓના જાળાં વરસોથી રચાઈ ગયા છે. ધર્મ ન તો સંપ્રદાયનું રૂપ છે... ન કોઈ પંથ-પોથીને પયગંબરની પોતાની મિલ્કત છે... ન કોઈ નાતજાત કે વિશેષ વર્ગ માટે આરક્ષિત વ્યવસ્થા છે. ધર્મ ક્યારેક કોઈ વ્યક્તિવિશેષ કે સમાજ-સમૂહથી અથવા તો સ્થાનવિશેષથી પૂર્ણરૂપેણ આબદ્ધ નથી. ધર્મ તો છે વ્યક્તિ કે વસ્તુનું મૂળભૂત રૂપ!

ધર્મના અનેકવિધ અર્થ છે. તેની અનેકાનેક વ્યાખ્યા છે. શ્રમણ ભગવાન મહાવીરે ધર્મની વ્યાખ્યા આપી છે: ‘વત્થુ સહાવો ધમ્મો - વસ્તુનો સ્વભાવ એ ધર્મ છે.’ દા.ત. અગ્નિનો સ્વભાવ દઝાડવાનો છે. પાણીનો સ્વભાવ ઠંડક આપવાનો છે. એજ પ્રમાણે આત્માનો મૂળ સ્વભાવ છે જ્ઞાન, દર્શન અને ચારિત્ર.

ધર્મની સરળમાં સરળ વ્યાખ્યા આ છે : જીવનને ઉન્નત અને ઉજમાળ બનાવે, આત્માને શુદ્ધ અને બુદ્ધ બનાવે, તેવી આચારસંહિત્ અને વિચારધારાનું એક નામ એટલે ધર્મ.

## જૈન ધર્મ એટલે શું?

બે શબ્દ છે : જૈન અને ધર્મ

વિષ્ણુના ભક્તો વૈષ્ણવ કહેવાય છે. શિવ-શંકરના ભક્તો શૈવ કહેવાય છે. બુદ્ધના ભક્તો બૌદ્ધ કહેવાય છે. ઈસુના ભક્તો ઈસાળ/ખ્રીસ્તી કહેવાય છે. તે પ્રમાણે જેઓ શ્રી જિનેશ્વરના ભક્તો છે તેમને જૈન કહેવાય છે. જૈનો જે ધર્મની આરાધના કરે છે, તેને ‘જૈનધર્મ’ કહેવાય છે.

શ્રી જિનેશ્વર ભગવંતોએ જીવનને ખજવાળવા, આત્માને શુદ્ધ અને બુદ્ધ બનાવવા જે આચાર-વિચારનું નિરૂપણ કર્યું તેને ‘જૈન ધર્મ’ કહેવાય છે.

જૈન દર્શન એ ભારતીય સંસ્કૃતિનો મુગુટમણિ છે. મૌલિક દ્રષ્ટિબિંદુથી સુશોભિત આ ધર્મ પોતાના વિશિષ્ટ તત્ત્વજ્ઞાનના લીધે વિશ્વમાં સૌને હંમેશા આકર્ષિત કરે છે, આનંદિત કરે છે, આરાધક બનાવે છે. આ તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક એ તર્કબદ્ધ રજૂ કરવાની કોશિશ પ્રત્યેક સમયે જૈનાચાર્યોએ કરી છે.

જૈન દર્શન એ સાચા અર્થમાં આત્મદર્શન છે. નિજગુણમાં રમણ કરવાની ભાવના પ્રકટ કરવા માટે આત્મા અને તેની આસપાસ રહેલા વાસ્તવને આળખવું જોઈએ અને તે માટે જૈન ધર્મ સહાયક બને છે. એ જૈન ધર્મનો પરિચય અહીં પ્રસ્તુત છે. જૈનકુળમાં જન્મેલા જૈનને તો પોતાના ધર્મનો પરિચય હોવો જ જોઈએ અને તે માટે જૈન/જૈનેતર સૌને આ પરિચય પ્રિય થશે જ તેવી અમને શ્રદ્ધા છે.

# જૈન ધર્મનું જ્ઞાન-વિજ્ઞાન

જૈન ધર્મ કહે છે કે જે જાણે છે તે આત્મા છે. આત્મા જણે છે અને જ્ઞાન એ જાણવાનું સાધન છે. કર્તા અને કારણની અપેક્ષાએ જ્ઞાન અને આત્મા બંને ભિન્ન છે, પરંતુ વાસ્તવમાં જ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે. જ્ઞાન આત્માનો ગુણ છે.

જ્ઞેય અને જ્ઞાન બંને સ્વતંત્ર છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય એ જ્ઞેય છે, જ્યારે જ્ઞાન એ આત્માનો નિજી ગુણ છે.

પરંતુ જાણવા માત્રથી જ્ઞાન નથી થતું. જાણવું એ તો પ્રવૃત્તિ કે પ્રયોગ છે. જ્ઞાનની ક્ષમતા અનુસાર દ્રવ્ય, ગુણ અને પર્યાય જાણી શકાય છે. આ જાણવાના માધ્યમ ઈન્દ્રિય અને મન છે. આ બંનેની શક્તિ મર્યાદિત છે આથી એક સમયે એક જ પર્યાય (અંશ)ને જાણી શકાય છે. પરંતુ અનાવૃત જ્ઞાન (કેવળજ્ઞાન)થી એકી સાથે તમામ પદાર્થોને જાણી શકાય છે.

## જ્ઞાનના પ્રકાર

અનાવૃત્ત-કર્મના આવરણ વિનાનું જ્ઞાન એક છે, તે છે કેવળજ્ઞાન. પરંતુ કર્મની આવરણની અવસ્થામાં જ્ઞાનના ચાર પ્રકાર બતાવાયા છે. આવૃત્ત અને અનાવૃત્ત જ્ઞાન બંને મળીને પાંચ પ્રકારનાં જ્ઞાન છે. તે આ પ્રમાણે છે:

૧. મતિજ્ઞાન : પાંચ ઈન્દ્રિય અને મન-આ છ વડે જે જણાય તે મતિજ્ઞાન છે.

સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર - પાંચ ઈન્દ્રિયો છે. તે બહારના વિષયોને ગ્રહણ કરે છે અને જાણે છે, પરંતુ તેની અનુભૂતિ મન કરે છે.

મન મનન કરે છે. ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરેલા વિષયોને જાણવાનું, માણવાનું અને તેનું મનન કરવાનું એ કામ કરે છે. આ મન સમગ્ર શરીરમાં વ્યાપ્ત છે.

ઈન્દ્રિય અને મનના જાણવામાં આટલો ફરક છે. ઈન્દ્રિયો માત્ર મૂર્ત-દ્રવ્યના વર્તમાન પર્યાયને જ જાણે છે. જ્યારે મન મૂર્ત અને અમૂર્ત બંનેના ત્રૈકાલિક અનેક રૂપોને જાણે છે.

મન ઈન્દ્રિયની મદદ વિના પણ જાણી શકે છે.

મન અનેકવિધ રીતે વિચારે છે. વિચાર-પ્રક્રિયા અનુસરિ મતિજ્ઞાનના મુખ્ય ૨૮ ભેદ છે અને વિસ્તારથી તેના ૩૪૦ પ્રકાર છે.

૨. શ્રુતજ્ઞાન : સાંભળવાથી કે જોવાથી જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન છે. અમુક શબ્દનો અમુક અર્થ થાય છે. આ પ્રકારે વાચ્ય-વાચકનો જે સંબધ થાય છે, તેને શ્રુતજ્ઞાન કહે છે.

શ્રુતજ્ઞાનના ૧૪ પ્રકાર છે.

ઉક્ત મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો ક્ષીરનીર જેવો ગાઢ સંબંધ છે. જગતનો દરેક જીવ આ બે જ્ઞાન ધરાવે છે.

મતિજ્ઞાનના વિવિધ પ્રકારમાં જાતિસ્મરણ જ્ઞાનનો પણ સમાવેશ થાય છે. આ જ્ઞાનથી પૂર્વજન્મોની સ્મૃતિ અકબંધ તાજી થાય છે. આ જ્ઞાનથી ઉત્કૃષ્ટા એ ભૂતકાળના ૯૦૦ ભવ જોઈ શકાય છે.

૩. અવધિજ્ઞાન : મર્યાદિત ક્ષેત્રમાં રહેલાં રૂપી-મૂર્ત પદાર્થોને ઈન્દ્રિયોની મદદ વિના જાણી શકાય તેને અવધિજ્ઞાન કહે છે. તે ૮ પ્રકારનું છે.

તીર્થંકરો, દેવતાઓ અને નારકી - આ ત્રણેયને જન્મતાંની સાથે જ અવધિજ્ઞાન હોય છે. માણસો અને તિર્યંચોને આ જ્ઞાન કર્મોના ક્ષયોપશમથી થાય છે.

૪. મનઃ પર્યવ જ્ઞાન : માણસ જે કંઈ મનમાં વિચારે છે, તેને અનુરૂપ ચિંતક-પ્રવર્તક પુદ્ગલ દ્રવ્યોની આકૃતિઓ બને છે. આ જ્ઞાનથી એ પર્યાયો જાણી શકાય છે. મતલબ કે મનના પ્રવર્તક કે ઉત્તેજક પુદ્ગલ દ્રવ્યોને સાક્ષાત્ જાણનાર આ જ્ઞાનને મનઃ -પર્યવ જ્ઞાન કહે છે.

આ જ્ઞાન બે પ્રકારનું છે.

અવધિજ્ઞાન કરતાં મનઃ પર્યવજ્ઞાનનું ક્ષેત્ર સીમિત છે. પરંતુ વિશુદ્ધ વિશેષ છે. અવધિજ્ઞાન દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક ચારે ગતિવાળાને થાય છે. પરંતુ મનઃ પર્યવજ્ઞાન માત્ર સાધુને જ થાય છે. અવધિજ્ઞાની રૂપી સૂક્ષ્મ પર્યાયોને જાણી શકતા નથી રહેતી.

૫. કેવળજ્ઞાન : જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થતાં આ જ્ઞાન ઉપ્લબ્ધ થાય છે. ઈન્દ્રિય અને મનની મદદની આ જ્ઞાનપ્રાપ્તિ પછી જરૂર નથી રહેતી.

કેવળજ્ઞાની લોક અને અલોક બંનેને જાણે છે.

સાહિત્ય : વિશેષ અભ્યાસ માટે નંદીસૂત્ર, અનુયોગદ્વાર, પ્રવચન સારોદ્ધાર ગ્રંથો વાંચવા.

## જૈન ધર્મનું જીવવિજ્ઞાન

જીવ અનાદિ, અનંત અને શાશ્વત પદાર્થ છે. જીવનો કોઈ સર્જનહાર નથી. જીવ સ્વયંસિદ્ધ છે. ત્રિકાળ જીવંત રહેતો હોવાથી તે જીવ કહેવાય છે.

ચૈતન્ય-સ્વરૂપ અને ચૈતન્ય લક્ષણવાળા પદાર્થોને જીવ કહે છે. આવા જીવો અનંતા અને અનેકવિધ છે. જીવને આત્મા કહે છે. ચેતન પણ તેનું  જ એક નામ છે અને તે તેનું એક લક્ષણ છે.

આ આત્મા ચેતનામય અરૂપી સત્તા છે. તેને શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ નથી. એ નિરંજન અને નિરાકાર છે. જ્ઞાનમય અસંખ્ય પ્રદેશોનો એ પિંડ છે.

ચેતનાની ક્રિયા એ આત્મા (જીવ)નું લક્ષણ છે. જ્ઞાન, દર્શન, સુખ અને દુઃખ દ્વારા તે અભિવ્યક્ત થાય છે.

આત્મામાં સંકોચ અને વિસ્તાનની શક્તિ રહેલી છે. તે કીડી જેવા નાનકડા શરીરમાં પણ રહી શકે છે અને હાથી જેવા મોટા શરીરમા પણ રહી શકે છે.

### બાહ્ય લક્ષણ:

જે પોતાની ઈન્દ્રિયો દ્વારા આહાર ગ્રહણ કરે છે અને તેનું વિસર્જન પણ કરે છે, તે જાગે છે અને ઊંઘે છે. તે શ્રમ પણ કરે છે અને વિશ્રામ પણ કરે છે. તે ભય પામે છે. આત્મરક્ષા માટે તે પ્રયત્ન કરે છે. મૈથુન સેવન કરે છે અને મૈથુનથી જન્મે છે. તે વધે છે અને ઘટે છે, તે સંગ્રહ કરે છે.

### અંતરંગ લક્ષણ:

ચેતના એ આત્માનું ભીતરી લક્ષણ છે. જીવમાત્રમાં ઓછાવત્તા પ્રમાણમાં ચૈતન્ય શક્તિ રહેલી છે. કર્મોના આવરણ પ્રમાણે તેની આ શક્તિ ઓછી કે વધુ જોવા મળે છે.

આ આત્મા સમગ્ર શરીરમાં વ્યાપ્ત છે.

તે કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે અને તે કર્માનુસાર તે અવનવા જન્મ લે છે અને કર્મોનો ક્ષય કરીને તે મુક્ત પણ બને છે. આથી જીવના મુખ્ય બે પ્રકાર કહ્યા છે :

૧. મુક્ત જીવ અને ૨. સંસારી જીવ

## જીવના ભેદ–પ્રભેદ

જેમણે તમામ કર્મોનો સર્વથા અને સંપૂર્ણ ક્ષય કર્યો છે, જેમને ફરીથી જન્મ લેવાનો નથી, એવા શરીર વિનાના નિરંજન, નિરાકાર આત્માને મુક્ત જીવ કહે છે. આવા મુક્તાત્માઓ અનંત છે.

અને જેઓ વિવિધ કર્મોથી બદ્ધ છે, જેઓ પુનઃ પુનઃ જન્મ મરણ કરીને અવનવા દેહોમાં જીવે છે તેઓ સૌ સંસારી જીવો કહેવાય છે. સંસારી જીવોના બે ભેદ છે. ત્રસ અને સ્થાવર.

### ત્રસ જીવો:

જેઓ પોતાની ઈચ્છામુજબ હરેફરે છે, શરીરને સંકોચે છે, વિસ્તારે છે, રડે છે, ભય પામે છે, ત્રાસ અનુભવે છે વગેરે ત્રસ જીવોની ઓળખનાં લક્ષણ છે.

જન્મ : ત્રસજીવો ૮ પ્રકારે જન્મે છે. ૧. ઈંડામાંથી જન્મે તે (પક્ષી વગેરે) ૨. કોથળીમાંથી જન્મે તે (હાથી વગેરે) ૩. ગર્ભાશયમાંથી જન્મે તે (ગાય, માણસ વગેરે) ૪. રાસથી જન્મે તે (કીડા વગેરે) ૫. પરસેવાથી જન્મે તે (જૂ. માંકડ વગેરે) ૬. પૃથ્વી ફાડીને નીકળે (તે તીડ વગેરે) ૭. સમૂર્ચ્છિમ મળમૂત્રમાંથી જન્મે તે (કીડી, માખી વગેરે) અને ૮ શય્યામાં કે કુંભીમાં જન્મે તે (નારકી, દેવતા વગેરે)

ભેદ : ઈન્દ્રિયો પ્રમાણે પ્રસ જીવો ચાર પ્રકારના છેઃ

૧. બે ઈન્દ્રિયઃ કાયા અને મુખ એમ બે ઈન્દ્રિયવાળા જીવ. શંખ, છીપ, અળસીયા, કરમીઆં, પોરા વગેરે

૨. તેઈન્દ્રિય : કાયા, મુખ અને નાક એમ ત્રણ ઈન્દ્રિયવાળા જીવ. જૂ, લીખ, માંકડ, મકોડા, ધનેડાં વગેરે.

૩. ચઉરિન્દ્રિય : કાયા, મુખ, નાક, આંખ અને કાન એમ પાંચ ઈન્દ્રિયવાળા જીવો. નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા.

૪. પંચેન્દ્રિય : કાયા, મુખ, નાક, આંખ અને કાન એમ પાંચ ઈન્દ્રિયવાળા જીવો. નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા.

### સ્થાવર જીવો :

જેમના શરીરમાં જીવ છે પરંતુ દુઃખને દૂર કરાવનો અને સુખ મેળવવાનો જે પ્રયત્ન નથી કરી શકતા તે સ્થાવર જીવો છે. આવા જીવોને માત્ર કાયાની એક જ ઈન્દ્રિય હોય છે. આવા જીવો પાંચ પ્રકારનાં છે.

૧. પૃથ્વિકાય : માટીના જીવો, જેમ કે લાલ માટી, સફેદ માટી, રેતી, પથ્થર, મીઠું, રત્નો, સુરમો, અબરખ વગેરે.

૨. અપ્કાય : પાણીનાં જીવો. જેમ કે વરસાદનું પાણી, ઠારનું પાણી, ધૂમ્મસ, ઝાકળ વગેરે તમામ પ્રકારનું પાણી.

૩. તેઉકાય : અગ્નિના જીવો. જેમ કે તણખાં, જ્યોત, જ્વાળા, વડવાનલ, ભઠ્ઠી વગેરે.

૪. વાઉકાય : વાયુના જીવો જેમ કે વિવિધ પવન, વંટોળ, ચક્રવાત વગેરે.

૫. વનસ્પતિકાય : વૃક્ષ–વેલી વનસ્પતિના જીવો જેમ કે ફળ, ફૂલ, વેલી, ઘાસ, દરેક પ્રકારની લીલોતરી, શાકભાજી વગેરે.

આ દરેક જીવોના પણ ભેદ અને પ્રભેદ છે. એ બધાંનો કુલ સરવાળો આ પ્રમાણે કરાયો છે.

દેવતાના ૧૯૮ પ્રકારના ભેદ.

માણસના ૩૦૩ પ્રકારના ભેદ.

તિર્યંચના ૪૮ પ્રકારના ભેદ.

નારકીના ૧૪ પ્રકારના ભેદ.

આમ કુલ ૫૬૩ પ્રકારના જીવો છે.

# જૈન ધર્મનું કર્મ વિજ્ઞાન

## (૧) કર્મ (૨) કષાય (૩) લેશ્યા

શ્રમણ ભગવાન મહાવીરને કેવળજ્ઞાન ઉપલબ્ધ થયું. અને તેમણે સર્વપ્રથમ ધર્મ–પ્રવચન આપ્યું. પ્રારંભમાં જ તેમણે કહ્યું :

ઉપ્પન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા.

આ ત્રણ– ઉત્પાદ, વ્યય અને ધ્રુવ–શબ્દો દ્વારા ભગવાન મહાવીરે જૈન તત્વજ્ઞાનની ભવ્ય અને વિરાટ ઈમારતનો પાયો બાંધી આપ્યો. તેમણે કહ્યું:

સર્વ દ્રવ્ય ઉત્પન્ન થાય છે.
સર્વ દ્રવ્ય નાશ થાય છે.
સર્વ દ્રવ્ય સ્થિર થાય છે.

દ્રવ્યના પ્રત્યેક અંશમાં નિત્ય અને નિયમિત પરિવર્તન થાય છે. પ્રતિપળ તે ઉત્પન્ન થાય છે, નષ્ટ થાય છે અને સ્થિર પણ રહે છે. દ્રવ્યનું મૂળ સ્વરૂપ અકબંધ અને અખંડ રહે છે, પણ તેમાં પર્યાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય (સ્થિરતા) આ ત્રયાત્મક સ્થિતિને સત્ કહે છે, અને જે સત્ છે તે દ્રવ્ય છે.

દા.ત. સોનું એ સુવર્ણરૂપે સ્થિર રહે છે. તેનાં રૂપ અને ઘાટ બદલાય છે. પણ સોનું નથી બદલાતું. તાત્પર્ય દ્રવ્યનો નાશ નથી થતા. દ્રવ્યનું રૂપાંતર થાય છે. મૂળ દ્રવ્ય તો જેવું હોય તેવું ને તેવું જ રહે છે.

આપણે જોઈએ છે કે જીવ મરી જાય છે. વાસ્તવમાં જીવ ક્યારેય મરતો નથી. જીવ બીજો જન્મ લે છે. તેનો દેહ માત્ર બદલાય છે. તેનો આત્મા દ્રવ્યરૂપે તો તે સ્થિર જ રહે છે. અક્ષય અને સનાતન રહે છે.

જીવ કહો, આત્મા કહો, ચેતન કહો, તે બધાં એક જ અર્થવાચી શબ્દો છે. જૈન ધર્મ કહે છે કે આત્મા અનાદિકાળથી કર્મથી બંધાયેલો છે. જૈન ધર્મમાં જીવ અને કર્મ વિષે સૂક્ષ્મ, ગહન અને વિસ્તૃત વિચારણા કરવામાં આવી છે.

## જીવનું સ્વરૂપ

જેનામાં સહજ અને સ્વાભાવિક વૃત્તિ અને પ્રવૃત્તિ હોય તે જીવ છે. તે ચેતન છે. ખાવાની વૃત્તિ, ભયની વૃત્તિ, મૈથુનની વૃત્તિ અને મારાપણા (પરિગ્રહ)ની વૃત્તિ – આ ચાર મુખ્ય વૃત્તિ અને પ્રવૃત્તિ જેમાં હોય તે જીવ છે.

દેહની સાથે આત્મા એકાકાર ને સંયુક્ત હોય છે ત્યારે એ જીવાત્મામાં ઉપર્યુક્ત ચાર સહજ વૃત્તિ અને પ્રવૃત્તિ હોય છે. જીવાત્માની આ બાહ્ય ઓળખ છે.

જીવાત્માનું ભીતરી સૌન્દર્ય પણ છે. અનુભૂતિથી તે અભિવ્યક્ત થાય છે. આત્માનું આ ભીતરી સૌન્દર્ય નિરંજન અને નિરાકાર છે. કર્મથી એ મુક્ત છે. તત્ત્વની અપેક્ષાએ આત્મા ન એ સ્ત્રી છે, ન પુરૂષ છે, ન નપુંસક. આ આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ અને અસીમ સુખ રહેલાં છે. આ તેના મૂળભૂત ગુણો છે.

જૈનધર્મ માને છે કે કર્મના આવરણના કારણે આત્માનું અનુપમ સૌન્દર્ય અવગુંઠિત રહે છે. જીવાત્મા જેવા કર્મો કરે છે. તેવું તેને ફળ મળે છે. કર્મના લીધે જ જીવાત્મા જન્મમરણનાં દુ:ખો ભોગવે છે, અને આ જ કર્મના કારણે તે વિવિધ સુખો ભોગવે છે. જીવાત્માને કોઈ સુખ કે દુ:ખ આપતું નથી. એ પોતે જ તેનો કર્તા અને ભોક્તા છે.

## કર્મનુ સ્વરૂપ

આત્મા અને કર્મનો સંબંધ અનાદિ છે, પણ અનંત નથી. આ અનાદિ સંબંધનો કાયમ માટે અંત કરી શકાય છે.

કર્મ પુદ્ગલ છે. શરીર પૌદ્ગલિક છે. તેનું કારણ કર્મ છે. આથી કર્મ પણ પુદ્ગલ છે. પૌદ્ગલિક કાર્યનું સમવાયી કારણ પૌદ્ગલિક હોય છે. માટી પુદ્ગલ છે / ભૌતિક છે, તો તેનાથી બનનાર પદાર્થ પણ પૌદ્ગલિક / ભૌતિક જ હોવાનો.

આહાર આદિ સાનુકૂળ સામગ્રીથી સુખની અનુભૂતિ થાય છે શસ્ત્ર આદિ વાગવાથી દુ:ખની આહાર અને શસ્ત્ર બંને પૌદ્ગલિક છે. એ જ પ્રમાણે સુખ દુ:ખનું કારણ કર્મ પણ પૌદ્ગલિક છે.

બેડીથી જીવાત્મા બંધાય છે. દારૂ પીવાથી તે બકવાસ કરે છે કે પાગલ બને છે. ક્લોરોફોર્મ સુંઘાડવાથી તે બેભાન બને છે. બેડી, દારૂ, ક્લોરોફોર્મ વગેરે જડ પદાર્થો છે. પૌદ્ગલિક વસ્તુઓ છે. તેથી અસર, માણસના તન, મન અને આત્મા ઉપર પડે છે, તે જ પ્રમાણે જડ પુદ્ગલ એવાં કર્મના સંયોગથી જીવાત્માના મૂળભુત જ્ઞાન દર્શનાદિ ગુણો ઢંકાય છે અને તે સુખ–દુ:ખ અનુભવે છે.

## કર્મના પ્રકાર:

કર્મ એક જ પ્રકારનું નથી. તેના અનેકવિધ પ્રકાર છે. કાર્ય–ભેદની દ્રષ્ટિએ કર્મનાં મુખ્ય આઠ વિભાગ છે. તેને પ્રકૃતિબંધ કહે છે. કર્મની મૂળ પ્રકૃત્તિ એટલે સ્વભાવ. કર્મનો આઠ પ્રકારનો સ્વભાવ છે. તે આ પ્રમાણે:

## ૧. જ્ઞાનાવરણીય કર્મ

આત્માના જ્ઞાન–ગુણને આવૃત્ત કરનાર પુદ્ગલને જ્ઞાનાવરણીય કર્મ કહે છે.

આંખે પાટો બાંધ્યો હોય તો આંખ હોવા છતાંય કંઈ જોઈ શકાતું નથી. આત્મામાં અનંતજ્ઞાન રહેલું છે, પરંતુ આ કર્મ આ આત્મા ઉપર આવરણ બનીને રહે છે ત્યાં સુધી આત્માનું જ્ઞાન થતું નથી. જ્ઞાન–પ્રાપ્તિ કરવામાં આ કર્મ અવરોધક બને છે.

### શેનાથી બંધાય?

જ્ઞાન અને જ્ઞાનીની નિંદા કરવાથી, જ્ઞાન અને જ્ઞાનીનો દ્વેષ કરવાથી, જ્ઞાન અને જ્ઞાનીનું અપમાન કરવાથી, જ્ઞાનીના ઉપકાર ભૂલવાથી, જ્ઞાની સાથે અકારણ ઝઘડાં કરવાથી, તેમ જ જ્ઞાન ભણનારને અને ભણાવનારને અંતરાય પાડવાથી – આ છ કૃત્યો કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

### કર્મ ફળ :

જ્ઞાનાવરણીય કર્મના લીધે જીવાત્મા બહેરો હોય, મૂંગો હોય, મંદ બુદ્ધિનો હોય, નિર્મળ બુદ્ધિ ન હોય, તે આત્માનું જ્ઞાન પામે નહિ વગેરે ફળ ભોગવે છે.

## ૨. દર્શનાવરણીય કર્મ

આત્માના અનંત દર્શન–ગુણને આવૃત્ત કરનાર પુદ્ગલને દર્શનાવરણીય કર્મ કહે છે.

ગુરખો કે ચોકીદાર ચોકી કરતો હોય તો એ વિસ્તારમાં પ્રવેશ કરી શકતો નથી. એ જ પ્રમાણે આ કર્મ આત્માનું દર્શન થવામાં અવરોધક બને છે.

આ કર્મ નવ પ્રકારનું છે.

### શેનાથી બંધાય?

ગુણીજનોની નિંદા–કૃથલી કરવાથી, ગુણી અને જ્ઞાનીજનોની અવહેલના કરવાથી, કૃતઘ્ન થવાથી, ભગવાનના વચનોમાં શંકા–કુશંકા કરવાથી, ધર્મ્ સાધનામાં અવરોધ ઉભો કરવા વગેરેથી દર્શનાવરણીય કર્મ બંધાય છે

### કર્મ ફળ :

દર્શનાવરણીય કર્મના લીધે જીવાત્માને આંખે ઓછું દેખાય. અંધાપો આવે, અનિદ્રાનો ભોગ બને, બેઠાં બેઠાં કે ચાલતા ચાલતા ઊંઘે, આત્માનું દર્શન કરી શકે નહિ વગેરે ફળ ભોગવે છે.

## ૩. વેદનીય કર્મ

સુખ અને દુ:ખની અનુભૂતિ કરાવનાર પુદ્‌ગલને વેદનીય કર્મ કહે છે. તલવારની ધાર જેવું છે આ કર્મ. તલવારની ધાર પર મધ ચોપડયું હોય અને તે ચાટવાથી પહેલાં તો મીઠાશનો અનુભવ થાય, પણ પછી તે ધાર વાગવાથી દુ:ખને વેદનાનો અનુભવ થાય છે, અને અફીણ ચોપડેલ તલવારની ધાર ચાટવાથી પહેલાં અને પછી બંને સમયે કડવાશનો અનુભવ થાય છે.

આ કર્મથી સુખની પણ અનુભૂતિ થાય છે અને દુ:ખની પણ અનુભૂતિ થાય છે.

આ કર્મ બે પ્રકારનું છે.

### શેનાથી બંધાય?

જીવ માત્ર ઉપર દયા-કરૂણા કરવાથી, દુ:ખીઓના દુ:ખમાં સહભાગી બની તેમના દુ:ખ હળવા કરવાથી શાતા વેદનીય કર્મ બંધાય છે. અને જીવોને ત્રાસ સંતાપ આપવાથી, તેમનાં દુ:ખોથી રાજી થવાથી અશાતા વેદનીય કર્મ બંધાય છે.

### કર્મ ફળ

શાતા વેદનીય કર્મના લીધે જીવાત્માને મનગમતા અને મનભાવતા ભોગોપભોગ મળે છે.

અશાતા વેદનીય કર્મના લીધે ગરીબાઈ, રોગ વગેરે દુ:ખો મળે છે.

## ૪. મોહનીય કર્મ

આત્માને વિકૃત અને મૂઢ બનાવનાર પુદ્‌ગલને મોહનીય કર્મ કહે છે. નશીલા પદાર્થોનું સેવન કરનાર માણસ કોઈપણ પ્રકારનો વિવેક જાળવી શકતો નથી. તે જ પ્રમાણે આ કર્મના લીધે જીવાત્મા આત્મભાન ભૂલી જાય છે અને ક્ષણભંગુર ભોગોપભોગમાં આસક્ત બને છે.

આ કર્મ ૨૮ પ્રકારનું છે.

### શેનાથી બંધાય ?

તીવ્રપણે ક્રોધ, માન, માયા અને લોભ કરવાથી, ધર્મના નામે અધર્મનું આચરણ કરવાથી, અનાચાર-વ્યભિચાર કરવા વગેરેથી મોહનીય કર્મ બંધાય છે.

### કર્મ ફળ:

આ કર્મના લીધે જીવાત્મા મોહાંધ, રાગાંધ અને વિષયલુબ્ધ બને છે. તે ઈર્ષાળુ, ઝઘડાખોર, માયાવી અને દંભી બને છે. અકારણ-સકારણ ભયભીત અને શોકાકુળ બને છે, વગેરે વગેરે.

## ૫. આયુષ્ય કર્મ.

જીવનનું નિર્માણ કરતાં પુદ્‌ગલને આયુષ્ય કર્મ કહે છે. કેદખાના જેવું છે આ કર્મ. કેદ / જેલમાં પુરાયેલ માણસ પોતાની ઈચ્છા મુજબ આવાગમન નથી કરી શકતો. તે પ્રમાણે આ કર્મના લીધે જીવાત્મા દેહરૂપી કેદખાનામાં પુરાયેલો રહે છે.

આ કર્મ ચાર પ્રકારનું છે.

## શેનાથી બંધાય?

૧. જીવોની જેમાં પ્રતિભળ હિંસા થતી હોય તેવા કામ-ધંધા કરવાથી, ૨. સંગ્રહખોરી કરવાથી, ૩. માંસાહાર કરવાથી અને ૪. પંચેન્દ્રિય જીવની હત્યા કરવાથી જીવાત્મા નરક ગતિમાં જાય છે.

૧. કપટ સહિત જુઠું બોલવાથી, ૨. વિશ્વાતઘાત કરવાથી, ૩. જુઠું બોલવાથી અને ૪. ખોટા તોલ-માપ કરવાથી જીવાત્મા તિર્યંચ ગતિમાં જાય છે.

૧. સ્વભાવથી નિષ્કપટી, ૨. સ્વભાવથી વિનીત, ૩. દયાળુ અને ૪. ઈર્ષારહિત હોય તે મનુષ્ય પામે છે.

૧. દીક્ષા લઈને સંયમ પાળવાથી, ૨. ગૃહસ્થપણામાં બાર વ્રતનું પાલન કરવાથી, ૩. તપ કરવાથી અને ૪. પરવશપણે સમતાભાવે દુઃખ સહન કરવાથી જીવાત્મા દેવગતિમાં જાય છે. અર્થાત્ દેવ-દેવી-ઈન્દ્ર-ઈન્દ્રાણી બને છે.

jainuniversity.org

## ૬. નામ કર્મ

જે પુદ્ગલના નિમિત્તથી જીવનની વિવિધ સામગ્રી મળે છે તેને નામ કર્મ કહે છે. ચિત્રકાર જેવું છે આ કર્મ. ચિત્રકાર પેન્સિલ અને પીંછીથી જાતજાતના ચિત્રો બનાવે છે. તે જ પ્રમાણે આ કર્મના લીધે જીવાત્મા વિવિધ રૂપ અને આકારનાં શરીરને પ્રાપ્ત કરે છે.

આ કર્મ ૧૦૩ પ્રકારનું છે.

## શેનાથી બંધાય?

મન, વચન અને કાયાને સરળ અને પવિત્ર રાખવાથી તેમ જ સહુ સાથે પ્રેમ અને મિત્રતાભાવથી વ્યવહાર કરવાથી શુભનામ કર્મ બંધાય છે અને મન, વચન અને કાયાને વક્ર અને અપવિત્ર રાખવાથી તેમ જ સહુ સાથે કલેશ -કંકાસ કરવાથી અશુભ નામ કર્મ બંધાય છે.

## કર્મ ફળ :

શુભ નામ કર્મથી મનગમતાં ભોગોપભોગ મળે છે, યશ મળે છે, રૂપ મળે છે, આરોગ્ય વગેરે સુખો મળે છે.

અશુભ નામ કર્મથી અભાવ, દુર્ભાવ અને પીડા મળે છે. બદનામી મળે છે. બિમારી આવે છે વગેરે અનેક દુઃખો ભોગવવા પડે છે.

सर्व ज्ञानाय भवतु

## ૭. ગોત્ર કર્મ

ઉચ્ચ અને નીચ એમ બે પ્રકારનું આ કર્મ છે. જે પુદ્ગલના પ્રભાવથી ઉચ્ચ ગોત્ર મળે તે ઉચ્ચ ગોત્ર કર્મ અને જે પુદ્ગલના પ્રભાવથી નીચ ગોત્ર મળે તે નીચ ગોત્ર કર્મ કહેવાય છે.

કુંભારના જેવું છે આ કર્મ. કુંભાર એક જ માટીમાંથી અનેક પ્રકારનાં ઠામ બનાવે છે, તે પ્રમાણે આ કર્મના લીધે એક જ શરીરમાં અનેક પ્રકારનાં અનુભવ થાય છે.

## શેનાથી બંધાય?

જાતિ, ફળ, બળ, રૂપ, તપ, જ્ઞાન, લાભ અને ઐશ્વર્ય - આ આઠમાંથી કોઈ એકનું કે એકથી વધુનું અભિમાન કરવાથી નીચ ગોત્ર કર્મ બંધાય છે અને એવું અભિમાન ન કરવાથી ઉચ્ચ ગોત્ર કર્મ બંધાય છે.

## કર્મ ફળ

ઉચ્ચ ગોત્ર કર્મથી સુખી -સંપન્ન અને સંસ્કારી કુટુંબમાં જન્મ મળે છે, રૂપ મળે છે, બળ મળે છે, સમૃદ્ધિ મળે છે, વગેરે ઉત્તમ સામગ્રી મળે છે, જ્યારે નીચ ગોત્ર કર્મથી એથી વિપરિત મળે છે, અર્થાત્ હલકાં જાતિ, કૂળમાં જન્મ મળે છે, ગરીબાઈ, રોગ, કુરૂપ વગેરે મળે છે.

## ૮. અંતરાય કર્મ

ક્રિયાત્મક શક્તિમાં અવરોધ ઊભા કરતાં પુદ્ગલને અંતરાય કર્મ કહે છે. ખજાનચી જેવું છે આ કર્મ. સંસ્થાએ એ માલિકે આપવાની રકમની મંજુરી આપી દીધી હોય પરંતુ એ રકમ ખજાનચી આપે ત્યારે જ એ રકમ મળી શકે છે. એ જ પ્રમાણે આત્મામાં અનંત શક્તિ અને ગુણો રહેલાં છે, પરંતુ આ કર્મના લીધે તે પ્રાપ્ત થઈ શકતાં નથી.

આ કર્મ પાંચ પ્રકારનું છે.

### શેનાથી બંધાય?

કોઈ દાન દેતું હોય તો તેમાં આડખીલીરૂપ બનવાથી, કોઈને લાભ મળતો હોય તો તે લાભ મળતો રોકવાથી, કોઈના ખાન-પાન કરતા અટકાવવાથી, કોઈને ધર્મધ્યાન કરતો રોકવા વગેરેથી આ અંતરાય કર્મ બંધાય છે.

jainuniversity.org

### કર્મ ફળ

આ કર્મના લીધે જીવાત્મા દાન દઈ શકતો નથી. લાભ મેળવી શકતો નથી. ભોગ અને ઉપભોગ ભોગવી શકતો નથી. તેમજ ધર્મની આરાધના કરી શકતો નથી.

આ આઠ કર્મો અને તેના ભેદકર્મોથી આત્મા જ્યાં સુધી સંયુક્ત અને સંબદ્ધ હોય છે, ત્યાં સુધી જીવાત્માનો પુનર્જન્મ થતો જ રહે છે.

પુનર્જન્મ એટલે કર્મથી બંધાયેલા જીવાત્માનું જન્મ અને મૃત્યુનું પુનઃ પુનઃ પુનરાવર્તન.

### મુક્તિ / મોક્ષ શક્ય છે.

માણસ પોતાના આત્માને કર્મથી મુક્ત પણ કરી શકે છે. તપ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ધ્યાન, જપ આદિ ધર્મસાધના કરીને તે પોતાના આત્માને નિર્મળ અને નિર્મમ બનાવી શકે છે. ધર્મની ઉત્કટ અને ઉગ્ર સાધનાથી તમામ કર્મોનો ક્ષય કરીને જીવાત્મા મુક્ત અને બુદ્ધ થઈ શકે છે.

જીવાત્મા તમામ કર્મોનો નાશ કરે છે ત્યારે તે પરમાત્મા બને છે.

### કષાયઃ

રાગ અને દ્વેષ ઉત્પન્ન કરનાર કર્મ-પુદ્ગલને કષાય કહે છે. કર્મ બંધ થવાનું મુખ્ય કારણ કષાય છે.

કષાયમાં બે શબ્દ છે. કષ અને આય. કષ એટલે જન્મ જન્માંતર. આય એટલે કરાવનાર. જે જીવાત્માને જન્મજન્માંતર કરાવે તેને કષાય કહે છે.

કષાયના મુખ્યત્વે બે ભેદ છે. રાગ અને દ્વેષ.

વિસ્તારથી કષાય ચાર પ્રકારના છે. ૧. ક્રોધ, ૨. માન, ૩. માયા અને ૪. લોભ.

આ કષાય એક મનોવેગ છે. આવેશ છે. ગમો, અણગમો, ભય, શોક, જુગુપ્સા, ઘૃણા આદિ કષાયને જન્મ આપે છે.

આ કષાયથી આત્મા દૂષિત બને છે. કર્મથી બંધાય છે.

### કષાયના ભેદ:

તરતમતાથી કષાય ચાર પ્રકારના છે.

૧. અનંતાનુ બંધી : જે આવેગમાં ઉત્પન્નની નિત્યતા અને નિરંતરતા હોય છે, અંતહીન ઉત્પન્નનું ય ઉત્પન્ન હોય તેને અનંતાનુબંધી કહે છે, સરળ શબ્દમાં તેને તીવ્રતમ કહી શકાય.

આ અનંતાનુબંધી કે તીવ્રતમ આવેગ પથ્થરમાં પડેલ રેખા જેવો હોય છે. આ રેખા પડે તે પડી. પડ્યા પછી તે ભૂંસી શકાતી નથી. કષાય તીવ્રતર હોય છે ત્યારે સત્ય સૂઝતુ નથી. તે માટે રૂચિ પણ થતી નથી. અનંતાનુબંધી કષાયના કારણે સમ્યગદર્શન ઉપલબ્ધ થતું નથી.

૨. અપ્રત્યાખ્યાની : કષાયના આવેગની આ બીજી અવસ્થા છે. આ આવેગ તીવ્રતર હોય છે. માણસ જાણે છે કે કષાયન કરવા જોઈએ, પણ તે કર્યા સિવાય રહી શકતો નથી. તીવ્રતાથી એ કષાય કરી બેસે છે. આ અપ્રત્યાખ્યાની કે તીવ્રતર કષાય જમીન પર દોરેલી રેખા જેવાં છે જમીન પર દોરેલી રેખા પ્રયત્નથી ભૂંસી શકાય છે. તેમ દૃઢ મનોબળથી તીવ્રતર કષાય પર વિજય મેળવી શકાય છે.

જ્યાં સુધી તીવ્રતર કષાય હૈયે હોય, ત્યાં સુધી માણસ બાર વ્રતોનું પાલન યથાયોગ્ય કરી શકતો નથી.

૩. પ્રત્યાખ્યાની : કષાયના આવેગની આ ત્રીજી અવસ્થા છે. આ આવેગ મંદ હોય છે. તીવ્રતર કષાયો મોળા અને પાતળા પડે છે ત્યારે આ ત્રીજી અવસ્થા પ્રાપ્ત થાય છે.

પરંતુ જ્યાં સુધી હૈયે મંદ કષાય હોય છે ત્યાં સુધી માણસ યથાર્થમાં સાધુ નથી બની શકતો.

આ પ્રત્યાખ્યાની કે મંદ કષાય રેતીમાં દોરેલ રેખા જેવો છે. ભૂમિ ઉપર દોરેલી રેખાને ભૂસવા માટે જેટલો પ્રયત્ન કરવો પડે છે તેનાથી ઓછો પ્રયત્ને રેતીમાં દોરેલી રેખા ભૂંસી શકાય છે. એ જ પ્રમાણે થોડાક વધુ વિવેક અને સજગતા રાખવાથી કષાયથી બચી શકાય છે.

૪. સંજ્વલન : કષાયના આવેગ મંદતર હોય છે. મંદતર કષાયને સંજ્વલન કહે છે. આવેગની આ ચોથી અવસ્થા છે.

પાણીમાં દોરેલી રેખા જેવા આ કષાય હોય છે. પાણીમાં રેખા દોરી નથી કે ભૂંસાઈ નથી. રેખા પૂરી દોરાઈ રહે ત્યાં સુધીમાં તો એ ભૂંસાઈ જાય છે.

આ મંદતર કષાય હોય ત્યાં સુધી વીતરાગતા પ્રાપ્ત થતી નથી.

આ ચારેય પ્રકારના કષાય સંપૂર્ણ ક્ષીણ અને ખત્મ થઈ જાય છે, ત્યારે જ વીતરાગ બનાય છે.

## કષાય – નિયંત્રણ

શ્રમણ ભગવાન મહાવીરે કષાય – નિયંત્રણની ત્રણ પદ્ધતિ બતાવી છે. ૧. ઉપશકન, ૨. ક્ષયોપશમ અને ૩. ક્ષયીકરણ.

આવેગનું અનેવું અને એટલું દમન કરી તેને કચડીને ખત્મ કરી નાંખવો કે તે ફરીથી ઊભો ન થાય. આ ઉપશમન છે. આ દમન પદ્ધતિ છે.

થોડુંક દમન કરવું. થોડોક ક્ષય કરવો. દમન અને ક્ષય એક સાથે કરવા તેને ક્ષયોપશમ કહે છે. સરળ અર્થમાં કહીએ તો કષાયનો રસ્તો બદલી નાંખવો. ક્રોધને ક્ષમાથી જીવતો. આમ ઉદાત્ત બનવું. આ માર્ગાંતરણ પદ્ધતિ છે.

કષાયોને પૂરેપૂરાં ક્ષીણ કરી દેવા. ખત્મ કરી નાંખવા. કષાયોને સર્વાંત સુધી વિલય કરતાં જવું તેને ક્ષયીકરણ કહે છે. આ વિલયની પદ્ધતિ છે.

કષાયોનું ઉપશમન થાય છે. ક્ષયોપશમ થાય છે. અને ક્ષયીકરણ થાય છે.

આ કરવા માટે કષાયના પ્રતિપક્ષની મદદ લેવી જોઈએ. કષાયનો પ્રતિપક્ષ છે ભાવનાઓ. ભાવનાઓને સુદૃઢને સઘન કરવાથી કષાયનો વિલય થઈ જાય છે.

ક્રોધનો પ્રતિપક્ષ છે શાંતિ.

માનનો પ્રતિપક્ષ છે મૃદુતા.

માયાનો પ્રતિપક્ષ છે સરળતા.

લોભનો પ્રતિપક્ષ છે સંતોષ.

શાંતિ, મૃદુતા, સરળતા અને સંતોષના સંસ્કારતો પુષ્ટ કરવાથી કષાયો ખત્મ થઈ જાય છે.

કષાયો સર્વથા ને સંપૂર્ણ વિલય થાય છે ત્યારે જ સાધક વીતરાગ બને છે.

## લેશ્યા

ધાર્મિક સાહિત્યમાં ત્રણ શબ્દો ખૂબ જાણીતા છે: રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણ. આનું વિવેચન કરતાં કહેવાયું છે કે રજોગુણ મનને મોહરંજિત કરે છે, આથી એ લાભ છે. સત્ત્વગુણથી મન નિર્મળ બને છે, આથી તે શુક્લ છે. તમોગુણથી જ્ઞાન આવૃત્ત થાય છે, આથી તે કૃષ્ણ છે.

કર્મની વિશુદ્ધ કે રંગના આધાર પર જીવોની વિવિધ અવસ્થાઓનું ભારતીય ચિંતકોએ મનનીય ચિંતન–વિવેચન કર્યું છે.

પુદ્‌ગલ દ્રવ્યના સંસર્ગથી જીવાત્માને જે ભાવ કે વિચાર જાગે છે, તેને લેશ્યા કહે છે.

લેશ્યાઓ પૌદ્યલિક છે, આથી તેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે. લેશ્યાઓ છ છે. રંગના આધાર ઉપર તે દરેકનું નામાભિધાન કરવામાં આવ્યું છે.

### ૧. કૃષ્ણ લેશ્યા

રંગ કાજળથીય વધુ કાળો, રસ લીમડાથીય વધુ કડવો, તેની ગંધ મરેલા સાપની દુર્ગંધથી અનંતગુણી અને તેનો સ્પર્શ ગાયની જીભથી કર્કશતાથી ય વધુ કર્કશ હોય છે.

લક્ષણ : આ લેશ્યાવાળો (મનોભાવવાળો) માણસ તીવ્રતમ કષાય કરે, સ્વચ્છંદી અને બેફામ વિલાસી જીવન જીવે. આલોક અને પરલોકનો ડર રાખ્યા વિના હિંસા–હત્યા પણ કરે. માંસાહાર કરે.

ફળ : આવા કાજળ શ્યામ ભાવ અને વિચારમાં માણસ મૃત્યુ પામે તો ઉત્કૃષ્ટતાએ એ પાંચમી, છઠ્ઠી કે સાતમી નરકે જાય છે.

### ૨. નીલ લેશ્યા

તેનો રંગ નીલમ જેવો લીલો, રસ જંગલી કાંટાથી ય વધુ તીક્ષ્ણ હોય છે અને ગંધ અને સ્પર્શ કૃષ્ણ લેશ્યા જેવાં હોય છે.

લક્ષણ : આ લેશ્યાવાળો (મનોભાવવાળો)માણસ ઈર્ષાળુ અને અદેખો હોય, પોતે કંઈ ભણેગણે નહિ અને બીજાને ભણવા દે નહિ, સુખશીલીયો અને વિષયલંપટ હોય.

ફળ: આવા લીલાછમ ભાવ અને વિચારમાં માણસ મૃત્યુ પામે તો ઉત્કૃષ્ટતાએ ત્રીજી, ચોથી કે પાંચમી નરકે જાય.

### ૩. કાપોત લેશ્યા

તેનો રંગ પારેવડાંની ડોક જેવો, રસ કાચી કેરીથી ય વધુ ખાટો હોય છે. તેના ગંધ અને સ્પર્શ કૃષ્ણ લેશ્યા જેવા હોય છે.

લક્ષણ : આ લેશ્યાવાળો (મનોભાવવાળો) માણસ વાંક દેખો, કટુ અને કઠોરભાષી, પરદોષ પ્રકાશક, પોતાના દોષોને ઢાંકનાર, ચોર ને વ્યભિચારી હોય છે.

ફળ: આ ભાવ અને વિચારમાં માણસ મૃત્યુ પામે તો એ ઉત્કૃષ્ટતાએ પહેલી, બીજી કે ત્રીજી નરકે જાય છે.

### ૪. તેજો લેશ્યા.

તેનો રંગ સિન્દૂર જેવો લાલ, રસ અધ પાકેલી કેરી જેવો ખાટો–મીઠો, ગંધ ફૂલ સુગંધી અને સ્પર્શ માખણ જેવો નરમ હોય છે.

લક્ષણ: આ લેશ્યાવાળો(મનોભાવવાળો) માણસ સરળ, પાપભીરૂ, ધર્મપ્રિય, સ્થિરચિત્ત, વિનીત અને ન્યાયી હોય છે.

ફળ : આ ભાવ અને વિચારમ માણસ મૃત્યુ પામે તો એ ઉત્કૃષ્ટતાએ પહેલાં કે બીજા સ્વર્ગમાં જન્મે છે.

## ૫. પદ્મ લેશ્યા

તેનો રંગ હળદર જેવો પીળો, રસ મધ જેવો મધુર, ગંધ ફુલ જેવી સુગંધી અને સ્પર્શ માખણ જેવો મુલાયમ હોય છે.

લક્ષણઃ આ લેશ્યાવાળો(મનોભાવવાળો) માણસ કષાયોને મંદ કરતો રહે, મિતભાષી અને પ્રિયભાષી હોય, સંયમી હોય.

ફળઃ આ ભાવ અને વિચારમાં માણસ મૃત્યુ પામે તો તે પાંચમાં સ્વર્ગે જન્મે.

## ૬. શુક્લ લેશ્યા

તેનો રંગ શંખ જેવો સફેદ, રસ સાકર જેવો મીઠો, ગંધ ગુલાબ જેવો સુગંધી અને રસ માખણથી ય અનંતગુણો મુલાયમ હોય છે.

લક્ષણ:આ લેશ્યાવાળો(મનોભાવવાળો) માણસ ધર્મ ધ્યાનમાં રમખાણ રહે, રાગ અને દ્વેષને મંદતર કરે, સંયમી અને સમતાવંત હોય.

ફળ : આ ભાવ અને વિચારમાં માણસ મૃત્યુ પામે તો એ સવાર્થ સિદ્ધ વિમાનમાં જન્મ પામે.

આ છ લેશ્યા (મનોભાવ ને વિચાર) ઓમાંથી પ્રથમની ત્રણ લેશ્યાઓ અશુભ છે. અનિષ્ટ પરિણામી છે. તેનો ત્યાગ કરવો અને છેલ્લી ત્રણ લેશ્યાઓ (મનોભાવને વિચાર) શુભ છે અને ઈષ્ટ પરિણામી છે. તે ત્રણેયનો ઉત્તરોત્તર વધુ ઉપયોગ કરવો.

## જૈન ધર્મનું મરણ વિજ્ઞાન

જીવન યાત્રાના બે પડાવ છે, જન્મ અને મૃત્યુ. જીવન કળા છે. તો મૃત્યુ પણ કળા છે. જૈન ધર્મે મૃત્યુંને વરવાની કળા પણ શીખવી છે. જૈન ધર્મમાં મૃત્યું વિશે સઘન ચર્ચા કરવામાં આવી છે. જૈન ધર્મના પૂર્વ-સૂરિઓએ મૃત્યુના ૧૭ પ્રકાર કહ્યાં છે. તેના માત્ર નામ જાણવા પણ રસપ્રદ અને જ્ઞાન પ્રદ બનશે.

૧. આવિચી- મરણ, ૨. અવધિ - મરણ, ૩. આત્યન્તિક મરણ, ૪. વલન્મરણ, ૫. વશાર્ત્ત મરણ, ૬. અન્તઃ શલ્ય મરણ, ૭. તદ્‌ભવ મરણ, ૮. બાલ મરણ, ૯. પંડિત મરણ, ૧૦. બાલ પંડિત મરણ, ૧૧. છદ્મસ્થ મરણ, ૧૨. કેવલિ મરણ, ૧૩. વૈહાયસ મરણ, ૧૪. ગૃદ્ધપૃષ્ઠ મરણ, ૧૫. ભક્ત પ્રત્યાખ્યાન મરણ, ૧૬. ઈંવિની મરણ અને ૧૭. પાદોપગમન મરણ

જીવન અને મૃત્યુ બંને ગહન ઘટના છે. કોઈ પણ જીવે મૃત્યુ પામતા પહેલાં આયુષ્ય બાંધી લીધું ન હોય, તો મરણ મૃત્યુની અંતિમ પળે જેવી પરિણતિ વિચારધારા હોય છે, તેવા પ્રકારના આયુષ્યનો બંધ પડે છે. સામાન્ય કક્ષાના જીવો આર્ત રૌદ્ર ધ્યાન કરી દુર્ગતિ બાંધી લે છે. ઉત્તમ કક્ષાના જીવો ધર્મ અને શુકલ ધ્યાન દુર્ગતિ બાંધી લે છે. ઉત્તમ કજ્ઞાના જીવો ધર્મ અને શુકલ ધ્યાન કેવળીને સદ્‌ગતિ મેળવી લે છે. મૃત્યુનું ચિંતન કરતાં જૈન પૂર્વસૂરિઓએ એમ કહ્યું છે કે એક સમયમાં જીવને એક મરણ, બે મરણ, ત્રણ મરણ, ચાર મરણ અને પાંચ મરણ પણ થઈ શકે છે. જે જીવ કેવલિ મરણ એટલે કે નિર્વાણ મેળવે છે. તેમનું તો પુનઃ મૃત્યુ નથી. ઉપર કહેલા મૃત્યુના ભેદો સામાન્ય જીવો માટે છે.

આ તમામ મૃત્યુમાં અકામ મરણ અને સકામ મરણ એમ મુખ્ય બે ભેદ સમજવા રહ્યાં.

અકામ મરણ : વિષયમાં આસક્ત બનીને જે મરવા નથી ઈચ્છતો, પરંતુ આયુષ્ય પુરું થયે જ મરવા ઈચ્છે છે તેનું મરણ વિવશતાથી થાય છે, આથી તેને અકામ મરણ કહે છે.

પરલોકને, પુનર્જન્મ અને મોક્ષને નહિ માનનારા અજ્ઞાની જીવાત્માઓ 'આ ભવ મીઠાં તો પરભવ કોણે દીઠાં' તે જીવનસૂત્ર બનાવીને પાપમય જીવન જીવે છે. પાપપ્રવૃત્તિમાં હરખાય છે. અને મરણ સમયે રીબાઈને રડીને મરે છે. આવાં મૃત્યું ને અકામ મરણ કહે છે. આવા મરણથી મરનાર સંસારમાં અનંતીવાય જન્મ-મરણ કરતો રહે છે.

સકામ મરણ : મરણ સમયે જે ભયભીત નથી બનતો, મૃત્યુને પણ એક ઉત્સવ માની તેને વધાવીને જે મૃત્યુ પામે છે. તેને સકામ મરણ કહે છે.

જન્મ તેનું મૃત્યુ નિશ્ચિત છે. મૃત્યુથી બચવાનો કોઈ જ ઉપાય નથી, તો મૃત્યુ સામે હાયવોય શા માટે કરવી? આવું વિચારી મરણ સમયે જે શુભ વિચાર કરે છે, સૌની ક્ષમા માંગે છે અને આપે છે અને એ શુભભાવમાં જે મૃત્યુ પામે છે, તેને સકામ મરણ કહે છે.

આમ તો આગળ જ્યાં તપની ચર્ચા છે. ત્યાં અનશન સંભારવામાં આવ્યું છે પણ અહીં સકામ મરણની ચર્ચામાં તેના અન્ય નામો સંભારવા જોઈએ તે આમ છે : સકામ મરણ, સમાધિ મરણ, અનશન, સંથારો, સંલેખના.

અંતરમાં તમામ પરિતાપો વિસરીને શાંતચિત્તે ધર્મમય બનીને મૃત્યુને સ્વીકારવું તે સમાધિમરણ.

અનશન વિશે આગળ ઉલ્લેખ કર્યો છે. સંલેખનાનો સાધક નિશ્ચિત સમય મર્યાદાનું વિશિષ્ટ તપ કરે છે પણ તેમાં સંસાર સંબંધી કે પરલોક સંબંધી સુઓપભોગની ઝંખનાથી તે તપ 'શલ્યરૂપ' બની જાય છે. એટલે આ તપના સાધકોએ અંતરના નિર્માળ ભાવપૂર્વક નિરીહ બનીને સંલેખના તપ કરવું જોઈએ.

અકામ મરણને બાલ મરણ અને સકામ મરણને પંડિત મરણ કહે છે.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ